# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ,પાટણ

નં. પરીક્ષા /પનિ /૦૧ /૨૦૨૧
તા. ૦૩ / ૦૬ / ૨૦૨૧

**<u>ખાસ અગત્યનું</u>**

પ્રતિ,
યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના અધ્યક્ષશ્રીઓ,
કો–ઓર્ડીનેટરશ્રીઓ તથા સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ
હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

વિષય :– ઓનલાઈન પરીક્ષાની માર્ગદર્શિકા અંગે...

શ્રીમાન,

નોવેલ કોરોના વાયરસની વૈશ્વિક મહામારીને કારણે હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ધ્વારા ઓકટો–ડીસે, ૨૦૨૦માં સ્થગિત કરેલ પરીક્ષાઓ ઓનલાઈન લેવાનું નકકી કરેલ છે. આ ઓનલાઈન પરીક્ષામાં પરીક્ષાર્થીઓએ નીચેની બાબતો અનુસરવાની રહેશે.

૧. ઓનલાઈન પરીક્ષા આપવા પરીક્ષાર્થીઓએ
   ૧. ડેકસ્ટોપ, લેપટોપ, મોબાઈલ અથવા ટેબલેટ પૈકી કોઈપણ ઉપકરણ પર પરીક્ષા આપવાની રહેશે.
   ૨. ડેકસ્ટોપ અથવા લેપટોપ માટે વિન્ડોઝ ૭ અથવા તેનાથી ઉપરના વર્ઝનવાળી ઓપરેટીંગ સિસ્ટમ અને ચાલુ હાલતમાં હોય તેવા વેબકેમેરા ફરજીયાત છે.
   ૩. મોબાઈલ અથવા ટેબલેટ નીચે મુજબની configuration વાળા ચાલુ હાલતમાં હોવા જોઈએ.
      અ. ફ્રન્ટ કેમેરાથી સજજ
      બ. લેટેસ્ટ ગૂગલ ક્રોમ બ્રાઉઝર
   ૪. ઈન્ટરનેટ સ્પીડ માટે બ્રોડબેન્ડના કિસ્સામાં ઈન્ટરનેટની સ્પીડ 1 mbps હોવી જોઈએ અને મોબાઈલ નેટવર્કના કિસ્સામાં 4G નેટવર્ક અનિવાર્ય રહેશે.
   ૫. ચાલુ પરીક્ષામાં ઈન્ટરનેટ કનેકિટવિટી ખોરવાઈ જાય નહીં તેમજ વેબ કેમેરા બંધ ન થાય તે અંગેની તમામ પૂરતી કાળજી વિદ્યાર્થીએ રાખવાની રહેશે. તેમજ વૈકલ્પિક વ્યવસ્થા પણ કરી રાખવાની રહેશે.
   ૬. કેમેરા સેટ અપ ફરજીયાત છે, નીચે જણાવેલ પરીસ્થીતી ધ્યાને આવશે અથવા જો કોઈ વિદ્યાર્થી શંકાસ્પદ જણાશે તો કોપી કેસ થશે.
      ૧. પરીક્ષાર્થી વધારે પડતી ફેસ મુવમેન્ટ કરશે તો સીસ્ટમ ચેતવણી આપશે અને જો મુવમેન્ટ ચાલુ રહેશે તો પરીક્ષા લોક થઈ જશે.
      ૨. પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થીના ફોટો પડતા રહેશે, તેમજ પરીક્ષાર્થી સિવાય અન્ય કોઈ સાથે સ્ક્રીનમાં દેખાશે તો સીસ્ટમ ધ્વારા ચેતવણી આપવામાં આવશે અને પરીક્ષા લોક થઈ જશે.
      ૩. આ પરીક્ષા વેબ બ્રાઉઝર ગૂગલ ક્રોમ સર્પોટેડ છે. આથી ઓનલાઈન પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થી પોતાના ડિવાઈસમાં અન્ય કોઈપણ પ્રવૃતિ કરેલ હશે તો તેને પણ પરીક્ષા દરમ્યાન થયેલ ગેરરીતિ સમજવામાં આવશે.

      ઉપરોકત ત્રણેય કેસમાં પરીક્ષાર્થીઓ પર કોપી કેશ થઈ શકે છે તે પરીક્ષાર્થીઓએ ધ્યાનમાં રાખવું.

૨. ઓનલાઈન પરીક્ષામાં નેગેટીવ માર્કીગ રાખવામાં આવેલ નથી.
૩. પરીક્ષાર્થી એક વખત પ્રશ્નનો જવાબ ટીક કરે છે તે બદલી શકશે નહી તેમજ પાછાં તે પ્રશ્ન પર જઈ શકાશે નહી.
૪. તમામ પરીક્ષાઓમાં પરીક્ષાના વિષયવાર ગુણ, પ્રશ્નો તથા સમય નીચે પ્રમાણે રહેશે.

| અભ્યાસક્રમની સ્કીમનો ગુણભાર | પુછવાના થતા પ્રશ્નો | પરીક્ષાર્થીએ લખવાના થતા પ્રશ્નો | સમય (મીનીટમાં) |
|---|---|---|---|
| ૧૦૦ | ૬૫ | ૫૦ | ૬૫ |
| ૭૦ | ૫૦ | ૩૫ | ૫૦ |
| ૫૦ | ૩૫ | ૨૫ | ૩૫ |
| ૩૫ | ૨૫ | ૧૮ | ૨૫ |

બી.એસ.સી. તથા એમ.એસ.સી.માં મેથેમેટીકસ વિષયમાં પ્રશ્નદીઠ ગુણભાર, પ્રશ્નોની સંખ્યા અને સમય નીચે મુજબ રહેશે.

| અભ્યાસક્રમની સ્કીમનો ગુણભાર | પુછવાના થતા પ્રશ્નો | લખવાના થતાં પ્રશ્નો | ગુણભાર પ્રતિ પ્રશ્ન | સમય (મીનીટમાં) |
|---|---|---|---|---|
| ૯૦ | ૩૫ | ૨૫ | ૩.૬ | ૫૦ |
| ૭૦ | ૩૫ | ૨૫ | ૨.૮ | ૫૦ |
| ૫૦ | ૩૫ | ૨૫ | ૨.૦ | ૫૦ |
| ૩૫ | ૨૦ | ૧૪ | ૨.૫ | ૨૫ |

પરીક્ષાર્થીને ઉપર દર્શાવેલ લાગુ પડતો સપુંર્ણ સમય આપવામાં આવશે.

૫. તમામ પરીક્ષાઓમાં મોક ટેસ્ટનો સમય પરીક્ષાર્થીની પરીક્ષાનો સમય રહેશે.

**ઓનલાઈન પરીક્ષા માટ હેલ્પલાઈન નંબરઃ ૮૯૮૦૦૦૧૨૪૯**

સહકારની અપેક્ષા સહ,

મિતુલ એમ. દેલીયા
(પરીક્ષા નિયામક)

નકલ રવાના :–

૧. હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ડીનશ્રી, અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ,સ્વનિર્ભર અભ્યાસક્રમોના કો–ઓર્ડીનેટરશ્રીઓ, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા સંબંધિત પરીક્ષાના ચેરમેનશ્રીઓ તરફ જાણ વ ઘટતી કાર્યવાહી સારુ.
૨. કુલપતિશ્રી / કુલસચિવશ્રી / મુખ્ય હિસાબી અધિકારીશ્રી તરફ જાણ સારુ.
૩. મદદનીશ કુલસચિવશ્રી, કચેરી અધિક્ષકશ્રી, હેડ કલાર્ક (પરીક્ષા તથા એકેડેમિક શાખા).
૪. ઈન્ચાર્જશ્રી, સબ સેન્ટર હેમ.ઉ.ગુ.યુનિ., વડાલી તરફ.
૫. કાર્યાલય / પરીક્ષા વિભાગ નોટીસ બોર્ડ.
૬. હેમ.ઉ.ગુ.યુનિ. પૂછપરછ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારુ.
૭. સિસ્ટમ એનાલિસ્ટશ્રી (વેબસાઈટ પર મૂકવા માટે).